# ટપુંક

શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્રનું માસિક મુખ પત્ર

વર્ષ : ૧૧

અંક : ૨


## સ્ત્રીભૃણ હત્યા સામે પડકાર

સ્ત્રીભૃણ હત્યા એ આપણા સમાજનું હિંસાત્મક દુષણ છે. આવા દુષણને ડામવા આપણે આપણી જાતથી શરૂઆત કરવી પડશે. એક મા પોતે દિકરીને જન્મ આપે છે. ત્યારે તેને દિકરી કે દિકરામાં કોઈ ભેદભાવ દેખાતો નથી. તેના માટે તો દિકરો –દિકરી એક સમાન જ હોય છે પરંતુ સમાજ તેને ભેદભાવની નજરથી જુએ છે. જેનાથી જન્મ દેનારી જનેતા પણ સમાજના ડરથી ભૃણ હત્યા કરવા માટે તૈયાર થાય છે.

સમાજ જો સ્ત્રીઓને પુરૂષ જેટલો જ દરજજો આપે, માન સન્માન આપે અને તેના હક્કોથી વંચીત ન રાખે તો દરેક સ્ત્રી પોતાના ગર્ભમાં રહેલ કુમળી બાળાને જન્મ આપશે. સ્ત્રીને પોતાને આશા બંધાશે કે મારી દિકરીને હું જન્મ આપીશ તો મારી દિકરીને પણ માન સન્માન અને તમામ પ્રકારના હક્કો મળશે. આવી રીતે એક મા કોઈપણ જાતના ડર વગર દિકરીની હત્યા થવા ન દે અને આવનાર પેઢીને જાગૃત કરશે.

તો ચાલો આપણે સૌ હિંસાત્મક દુષણને ડામવા માનસિક અને સ્વૈચ્છીક રીતે તૈયાર થઈએ.

–રેખાબેન ડી. જોષી (મહિલા ન્યાય સમિતી)

### માસ દરમ્યાન

| | | |
|---|---|---|
| ૪–૭ | સામાજિક ઉતરદાયિત્વ | અંબાજી |
| ૫–૬ | બાળ અધિકાર કન્સલ્ટેશન | અમદાવાદ |
| ૮–૧૦ | ફેમિનીઝમ ટ્રેનીંગ | અમદાવાદ |
| ૭ | પ્રવાહ રીજનલ મીંટીંગ | ભાવનગર |
| ૯–૧૦ | સ્વસહાય જુથ કાર્યશાળા | બગસરા |
| ૧૦–૧૧ | સ્ટેટ લેવલ કન્સલ્ટેશન | અમદાવાદ |
| ૧૭ | એકલનારી મંચની બેઠક | અમદાવાદ |
| ૧૮ | વર્ષા વીમા આયોજન | અમદાવાદ |
| ૧૯–૨૧ | ન્યાય સમિતી ડીબ્રીફીંગ | અમદાવાદ |
| ૨૦ | નગરપાલિકાઓ અંગે બેઠક | અમદાવાદ |
| ૨૧ | સ્વા. અભિયાન આયોજન | અમરેલી |
| ૨૮ | બ્લોક સ્તરીય ખેડૂત મીટીંગ | ખાંભા |

**માહિતી અધિકાર હેલ્પલાઈન ૯૯૨૪૦૮૫૦૦૦**

### મહિનાના મહત્વના દિવસો

| | |
|---|---|
| ૩ | વિશ્વ સાહિત્ય દિન |
| ૮ | આંતરરાષ્ટ્રિય મહિલા દિન |
| ૧૦ | ઈદે મિલાદ |
| ૧૧ | ધુળેટી |
| ૨૧ | વિશ્વ વન સંવર્ધન દિન |
| ૨૨ | વિશ્વ જળ દિન |
| ૨૭ | વિશ્વ રંગભૂમિ દિન, ચેટીચાંદ |

**સાદુ જીવન અને ઉચ્ચ વિચારો સફળતાની ચાવીરૂપ છે.**

## નાગરિક આગેવાનો દ્વારા દેખરેખ

ગામમાં/શહેરમાં સ્થાનિક કક્ષા સુધી સેવાઓની પહોંચનો મુદો મહત્વનો છે. સેવાઓ જેમને માટે નિર્મિત થયેલ હોય ત્યાં સુધી ન પહોંચે, અધુરી પહોંચે અથવા આ પહોંચમાં ઘણી બધી ક્ષતિઓ જોવા મળે.

ક્ષતિઓને દુર કરવા સરકારના વિભાગોમાં તથા અન્ય સરકારી બિનસરકારી સંસ્થાઓમાં આંતરિક અન્વેષણ તથા બાહય અન્વેષણ થતું હોય છે. તેમ છતા આ ક્ષતિઓ છુપાવવા તથા તે બરાબર જ છે તેમ દર્શાવવા વિવિધ હથકંડાઓ ઉપયોગમાં લેવાય છે.

લોકો સુધી જે સુવિધા પહોંચાડવા માટે ઘડાયેલ યોજનાઓની જાણકારી પ્રાપ્ત કરીને તે મુજબનો અમલ થાય તે માટે જેને આ સેવાઓ મળી રહી છે. તેમણે જાગૃત થવું જરૂરી બને છે.

આજે એનઆરઈજીએ–૨૦૦૫ ના કાયદા અનુસાર ૧૦૦ દિવસની રોજગારીના અધિકારની વાતથી વાકેફ થયા પણ આ રોજગારી મેળવવા માટે જે કાર્યવાહી કરવાની છે તેનાથી અજાણ હોઈએ તો કામ મળવામાં વિલંબ થાય. અન્ય લોકો જુદા જુદા બહાના તળે તમારી પાસેથી પૈસા પણ માંગી લે. આ સંજોગોમાં જે તે કાયદો કે યોજનાની રૂપરેખા મેળવી તેની જાણકારી પ્રાપ્ત કરી લેવામાં આવે તો તેના અમલીકરણ કરનારા તંત્ર વાહકોને તમે જાણ કરી શકો કે આ યોજના/કાયદામાં થયેલ જોગવાઈ અનુસાર તે લાભ મેળવવાનો મને અધિકાર પ્રાપ્ત થયેલ છે. આમ, તે હકક મેળવવા માટેની સરળ પધ્ધતિ ગણાય અને તે આપણે તેને બતાવી શકીએ.

ઉપરોકત ઉદાહરણ શિક્ષણ, આરોગ્ય જેવી દરેક સેવાઓને લાગુ પડે છે. જો લોકો જાતે જ પોતાનો હકક માંગે તો તેમને તે મળવાનો પરંતુ છેવાડાના લોકો આ બાબતો અમુક અંશે જાણતા હોવા છતા પાવરફુલ લોકોના દબાણમા રહી પોતાનો અવાજ બહાર કાઢી શકતા નથી.

સામાજીક ઓડીટ જેવા મુદાને લઈ નાગરિક દેખરેખની પ્રક્રિયા સહજ, સરળ અને સફળ બની શકે તેવી બાબતોને લઈ "ઉન્નતિ" દ્વારા ૪ થી ૭ ફેબ્રુઆરી'૦૯ દરમ્યાન "નાગરિકતા અને સામાજીક ઉતરદાયિત્વ" પર તાલીમકારો માટે એક કાર્યશાળા યોજાઈ. જેમાં દંત્રાલ ગ્રામ પંચાયતના પદાધિકારીઓ, સ્થાનિક સમિતી/આગેવાનો, અને સરકારશ્રીના વિભાગોના સહયોગથી તમામ સહભાગીઓએ કલાસરૂમ સેશનની સાથે ફીલ્ડમા જઈ આ બાબતોને ચકાસી તેમાં જોવા મળેલી ક્ષતિઓની વિગતો પણ લોકો દ્વારા જવાબદારો સામે મુકાઈ.

આ કાર્યક્રમમાં એસ.એસ.કે.કે.માંથી ધીરુભાઈ તથા રંજનબેન જોડાયા હતા.

**ઉન્નતીના માર્ગને હાંસિલ કરવા સમય અને સંજોગોને ધ્યાનમાં રાખો.**

## સ્વ સહાય જુથો આધારિત કાર્યશાળા

અમરેલી જીલ્લામાં કાર્યરત સ્વૈ.સંગઠનો સાથે નાબાર્ડ દ્વારા બે દિવસીય કાર્યશાળા યોજાઈ. જેમાં નાબાર્ડ સહાયિત યોજનાઓની જાણકારી સ્વૈ.સંસ્થાઓના કાર્યકરોને આપવામાં આવી. જેથી નાબાર્ડની યોજનાઓ લોકો સુધી પહોંચે.

મોટાભાગના સ્વૈ.સંગઠનો સ્વ સહાય જુથો સાથે કામ કરી રહયા છે. તેઓને પડતી મુશ્કેલીઓ અને બેંક સાથેના લીંકેજ બાબતો કાર્યકરોએ રજુ કરેલી વિગતો પર નાબાર્ડના આ જીલ્લાના એ.જી.એમ શ્રી કે.આર સાલ્વેએ જરૂરી સ્પષ્ટતાઓ કરી હતી.

## પ્રવાહ

સૌરાષ્ટ્ર ઝોન ૨ ની રીજનલ મીટીંગ ભાવનગર ખાતે મળી હતી. માર્ચ ૦૯ માં સાથી સંસ્થાઓ મારફત શરૂ થઈ રહેલા અભિયાનની વિગતવાર સમજ ઉભી કરવા તથા તૈયાર થયેલ સાહિત્ય પર અમરેલી ખાતે એક કાર્યશાળા યોજાઈ.

## સૌરાષ્ટ્ર કચ્છ નેટવર્ક

નેટવર્ક સાથે જોડાયેલ સંસ્થાના કાર્યકરો માટે નારીવાદી વિચારધારા અંગેની સમજ બનાવવા અંગે ત્રણ દિવસીય કાર્યશાળા યોજાઈ . કાર્યકરો છેલ્લા ઘણાં સમયથી સ્ત્રી હિંસા અને જેન્ડરની બાબતો સાથે પોત પોતાના વિસ્તારમા કાર્યરત છે પરંતુ નારીવાદી વિચારધારાને પણ આ પરિપ્રેક્ષમાં સમજતા આ કાર્યકરોને ઘણી નવી બાબતો શીખવા / જાણવા મળી.

ન્યાય સમિતીના બહેનો બ્લોક લેવલ પર પોતાની આવડતો અનુસાર કામ કરી રહયા છે આ વર્ષમાં તેમના કાર્યનુ ડીબ્રીફીંગ તા. ૧૯ થી ૨૧ દરમ્યાન રાખવામા આવ્યુ હતુ.

## ખેતી આધારિત જોખમો

ખેતી આધારિત જોખમો અંગે ગયા વર્ષથી ખેડૂતો સાથે શરૂ થયેલ વાર્તાલાપના આધારે ગયા વર્ષમાં વર્ષા વીમા યોજનામાં ૫૦ જેટલા ખેડૂતો જોડાયા હતા. તેમના અનુભવો, આ વીમા બાબતે તેમની માન્યતા, આગળ કામ કરવા અંગે તેમના વિચારો જાણવા તથા વીમાના કલેમ સેટલમેન્ટ / ચેક વિતરણ માટે ઉપરાંત આગામી વર્ષમાં આઈએમડી સ્ટેશન ફેરફાર અંગેની બાબતો, છેલ્લા ૧૫ વર્ષના વરસાદના આંકડાઓ અને તે આધારિત બનનારી નવી પ્રોડકટ પર ખાંભા તાલુકાના ખેડૂતો સાથે એક તાલુકા સ્તરીય કન્સલ્ટેશન તા. ૨૮ ફેબ્રુઆરીના રોજ યોજાયેલ છે. જેમાં અવિરત એગ્રો પ્રોડયુસર કંપનીના તમામ ડાયરેકટરશ્રીઓ ભાગ લઈ રહયા છે.

***જીવનનું સાચુ સુખ હુફ અને લાગણીમાં રહેલું છે.***

## જીરૂની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ

ગુજરાતમાં પિયતની અછતવાળા વિસ્તારો માટે જીરાનો પાક બીજા કોઈપણ પાક કરતાં વધુ લાભદાયક અને એટલો જ જોખમકારક છે.

### આબોહવા અને જમીન

રેતાળ, ગોરાડુ મધ્યમકાળી જમીન તેમજ સુકુ ઠંડુ અને સ્વચ્છ હવામાન વધારે અનુકુળ છે. વાદળછાંયુ, ભેજવાળુ હવામાન આ પાકમાં રોગને નોતરે છે.

### જમીનની તૈયારી

જમીનમાં હળની ઉંડી ખેડ કરવી. ત્યારબાદ સમાર મારી જમીન ભરભરી અને સમતળ કરવી. જમીનના ઢાળ પ્રમાણે સમતલ અને નાના કયારા બનાવવા.

### સુધારેલી જાતો

ગુજરાત જીરૂ –૧, ગુજરાત–૨, ગુજરાત જીરૂ–૩,

### વાવણી

નવેમ્બરના માસના પ્રથમ અઠવાડીયામાં જયારે ઠંડી પડે ત્યારે વાવેતર કરવું જરૂરી છે. અંતરઃ ૩૦ સે.મીના અંતરે ચાસમાં વાવણી કરવી. બિયારણનો દરઃ હેકટરે ૧૨ થી ૧૬ કીલો.

### બિયારણની માવજત

એક કીલો બીજ દીઠ ત્રણ ગ્રામ પાયાયુકત દવા જેવી કે સેરેસાન, એગ્રોસન અથવા કેપ્ટાન દવાનો પટ આપવો. વાવણી પહેલા બીજને ૮ કલાક પાણીમાં પલાળી છાયામાં કેરુકરી વાવેતર કરવાથી ઉગાવો સારો અને જલ્દી થાય છે.

### ખાતર

જમીનની તૈયારી વખતે છાણિયું ખાતર વિઘે ૩ થી ૪ ટ્રોલી સારૂ કોહવાયેલુ ખાતર નાખવું.

### પિયત અને નિંદામણ નિયંત્રણ

જીરાના પાક માટે બહુમહત્વનો ભાગ પિયત ભજવે છે. ગોરાડુ જમીનમાં પ્રથમ પિયત વાવણી બાદ તરત જ આપવું. બીજુ હલકુ પિયત જમીન પ્રમાણે ૮થી ૧૦ દિવસે આપવું. ત્રીજુ પિયત ૩૦ દિવસે અને ચોથુ પિયત ૫૦ દિવસે આપવું. સૌરાષ્ટ્રના વિસ્તાર માટે પાંચમુ પિયત ૭૦ દિવસે આપવું. વાતાવરણમાં ભેજ અને રોગ દેખાય તો પિયત બંધ કરવું. બે ત્રણ વખત હાથથી નિંદામણ કરવું.

### રોગ અને તેનું નિંયત્રણ

જીરાના પાકમાં મુખ્ય રોગ ચરમી/કાળીયા, સુકારો, ભુકીછારો વિગેરે છે. સમયસર નિયંત્રણ કરવામાં ન આવે તો પાક સંપૂર્ણ નાશ પામે છે. આ રોગોન નિયંત્રણ માટે મેન્કોઝેબ, ડાયથેન એમ–૪૫, ટ્રાઈટોન અને ગંધકની બારીક ભુકીનો છંટકાવ સમયસર કરવો.

પાકમાં દાણા બેસવાના સમયે આ જીવાત

જોવા મળે છે. જે મુખ્યત્વે મોલોમશી અને થ્રીપ્સ છે.

નિયંત્રણ માટે શોષક પ્રકારની દવાનો ઉપયોગ કરવો જેવી કે ડાયમીથોએટ, મોનોક્રોટાફોસ અથવા મિથાઈલ ઓ ડીમેટોન અથવા ફોરફામીડોન જરૂરી દ્રાવણ બનાવી છાંટવુ.

**કાપણી**

જીરૂનો પાક ૧૧૦ થી ૧૧૫ દિવસે પરિપકવ થઈ જાય છે. છોડ પીળાશ પડતા ભુખરા રંગનો થાય ત્યારે કાપણી માટે શ્રેષ્ઠ અવસ્થા ગણાય છે.કાપણી સવારમાં કરવી.

છોડને ઉપાડી ઢાળામાં લાવી બે ત્રણ દિવસ સુર્યના તાપમાં રાખી લાકડીની મદદથી ઝુડી દાણા છુટા પાડવા. ચારણાની મદદથી ગ્રેડીંગ કરવાથી ઉંચી ગુણવતાવાળા સારા જીરાના ભાવ વધારે મળે છે.

**ઉત્પાદન**

સારુ ઉત્પાદન થાય તો હેકટરે ૭૦૦ થી ૮૦૦ કીલો થાય અને વિઘે ૧૫૦ થી ૨૦૦ કીલો

**આ પાકનું સારુ ઉત્પાદન લેવા અને રોગથી બચાવવા આટલું અવશ્ય કરો.**

૧) જીરાના ખેતરની આજુબાજુ હવામાનને ભેજવાળુ બનાવે તેવા વધારે પિયતની જરૂરીયાતવાળા પાક ન હોવા જોઈએ.

૨) સારા નિતારવાળી, રેતાળ, ગોરાળુ જમીન પસંદ કરો. તેમાં પુરતા પ્રમાણમાં સેન્દ્રિય તત્વો ઉમેરો.

૩) કયારા સમતળ અને નાના બનાવો

૪) સુધારેલી જાતના રોગમુકત બિયારણને દવાનો પટ આપીને વાવણી કરીએ.

૫) પાકની વાવણી ભલામણ કરેલ સમયે કરવી.

૬) બીજુ પિયત સમયસર અને હલકુ આપો.

૭) ખેતરને નિંદણમુકત રાખો.

૮) રોગ આવે કે ન આવે ફુગનાશક દવાનો સમયાંતરે છંટકાવ કરતા રહો.

૯) ફુગનાશક દવાનો છંટકાવ ઝાકળ ઉડયા બાદ સારા પ્રકારની નોઝલથી કરો જયારે ગંધકનો છંટકાવ સવારે કરવો.

૧૦) વાદળછાયા અને ભેજવાળા વાતાવરણમાં પિયત તદ્ન બંધ કરો.

૧૧) ખેતરમાં ભેજવાળુ વાતાવરણ ન થાય તે માટે આગમચેતીના પગલા લો.

૧૨) પાકની ફેરબદલી કરો.

સજીવખેતી તેમજ ખેતીપાકો અંગેની જરૂરી માહિતી માટે અવિરત, ડો. બોરીસાગરના દવાખાના સામે, ખાંભાનો સંપર્ક કરવો.

અળસિયાનું ખાતર અને અળસિયાનું વેચાણ ચાલુ છે.

**– સંકલન : ડાયાભાઈ પટેલ**

***અસત્યની કેડી હંમેશા દુઃખથી સભર હોય છે.***

## યુવાન દિકરીની યાતના

બપોરે ૧૨–૧૫ કલાકે પોલીસ સ્ટેશનથી ન્યાય સમિતીની ઓફીસ પર ફોન આવ્યો. રેખાબેન જોષી એ ફોન રીસીવ કર્યો પોલીસ ઈન્ચાર્જ શ્રીએ જણાવ્યું એક ૧૭ વર્ષની બહેન પર બળાત્કર થયો છે તો ન્યાય સમિતીના બહેનો અહી આવશો ?

ન્યાયસમિતીના બહેનો રેખાબેન, પુનીબેન, ચંપાબેન, હંસાબેન, શાન્તુબેન પોલીસ સ્ટેશને પહોચ્યા.

પાતળા બાંધાની યુવતી થર થર ધ્રુજતી હતી. કંઈ કહેવાની હિમત કરતી ન હતી. એટલી બધી ડરી ગઈ હતી કે ખુલીને વાત કરતી ન હતી. ન્યાયસમિતીના બહેનોએ તેમને હુંફ અને સાંત્વના આપી પોતાની કથની કહેવા જણાવ્યું. ત્યારે તેમણે નીચે મુજબ પોતાની કથની જણાવી.

હું મારી મા સાથે આંગળીયાત આવી હતી. મારા પિતાનું મારા મમ્મી સાથે બીજુ લગ્ન એટલે હું તેમના માટે ઓરમાય અને તેમનું વર્તન સારૂ નહી. કારણ હું તેમની સગી દિકરી ન હતી મારા પર ખુબ શારીરીક, માનસીક ત્રાસ ગુજારે પરંતુ સહન કર્યા સીવાય છુટકો નહી, આવો ત્રાસ સહન કરતી રહી. આ બધી બાબતોની મારા કાકા જે હાલ બહારગામ રહેતા હતા તેમને ખબર હતી. તેઓ મને પોતાની ખરાબ દાનત ને લઈ મારી સાથે સારૂ રાખે તેમના પરિવારમાં તેઓ પતિ–પત્નિ હતા અને તેમણે અન્ય જ્ઞાતીમાં પ્રેમ લગ્ન કર્યા હતા. તેમના પત્નિ એટલે મારા કાકી છેલ્લા ત્રણ માસથી પોતાના પીયર રીસામણે છે. મારા કાકા અવાર નવાર અમારા ઘરે આવે અને મારા ખબર અંતર પુછે અને કહે તારા પિતા તને બહું ત્રાસ આપે તો મને ફોન કરજે તેમની આવી બધી વાતોમાં હું ભોળવાય ગઈ અને એક દિવસ મે મારા કાકાને ફોન કર્યો. તેમણે મને નદીમાં બોલાવી અને તેમના ઘરે લઈ ગયા. અને મને સાડી પહેરવા જણાવ્યું કે બધાને કહેવાનું કે હું તેમની પત્નિ છું તેમણે મારી સાથે પત્નિ જેવો વ્યવહાર શરૂ કરી દીધો હું મજબુર હતી હવે શું થાય ? સામે પિતાનો ત્રાસ અહી કાકાના હવસનો શિકાર બની. આમ, મને બેમાસનો ગર્ભ રહી ગયો. બીજી તરફ મારા પિતા એ હું ગુમ થયાની ફરીયાદ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી તેવા સમાચાર છાપામાં આવ્યા. પોલીસ મને શોધતી હતી તે સમાચાર વાંચી મારા કાકા ગભરાય ગયા અને મને પોલીસ સ્ટેશને હાજર થઈ જવાનું જણાવ્યું તેમણે મને કહયું કે હું મારા કાકા સાથે બગદાણા વગેરે યાત્રાધામ ફરવા ગઈ હતી અને પેલા સબંધની વાત ન કરવી તેમ જણાવ્યું. હું પોલીસ સ્ટેશને પહોંચી પોલીસને મે કાકાની પઢાવેલી પોપટવાણી બતાવી.

પોલીસે તમારો સંર્પક કર્યો. હવે મારે મારા પિતાના ઘરે જવું નથી તમે લોકો કંઈ કરો. તેમ તેમણે રડતા રડતા જણાવ્યુ.

ઉપરની બહેનની વિતક સાંભળી પછી ન્યાય સમિતીના બહેનોએ પોલીસ અધિકારીશ્રીને રજુઆત કરી તેમના પિતા તથા તેમના કાકા સામે કાયદાકીય કાર્યવાહી કરવી. આ બહેનને જરૂરી તબીબી પરીક્ષણ કરાવવું.

આ બહેનોએ સાથે રહી પીડીત બહેનને ભોજન કરાવ્યું.પુરા દિવસ તેમની સાથે રહયા પોલીસના અથાગ પ્રયત્ન છતા તેમના પિતા કે કાકા મળ્યા નહોતા.

**વાસ્તવિકતા ખુલ્લી કિતાબ જેવી છે.**

## જીવન મધુર

એસએસકેકે એ ગત વર્ષમાં શરુ કરેલ એલ આઈ સી ની જીવન મધુર યોજના બચત સાથે વીમાનો લાભ અપતી યોજના છે.



કાંતીભાઈ ભીમજીભાઈ સોલંકી ૨૮/૧૧/૦૭ ના રોજ આ યોજનામા જોડાયેલા તેમનુ અવસાન ૧૧/૦૨/૦૯ ના રોજ થતા તેમને મળવાપાત્ર વીમાની રકમનો ચેક સંસ્થાના કાર્યકરો સાથે આ કાર્ય સાથે સંકળાયેલા ઈન્દુબેન ચૌહાણના હસ્તે મૃતકના પરિવારજનોની ઉપસ્થિતીમા કાંતીભાઈના વિધવા ચંપાબહેનને આપવામાં આવ્યો.

## રેડ રીબન કલબ

યુવાનો આરોગ્યપ્રદ જીવનશૈલી અપનાવે તેવા ઉમદા હેતુથી યુનિવર્સિટીઓ હેઠળની કોલેજોમાં વિદ્યાર્થીઓ દ્વારા રેડ રીબન કલબની સ્થાપના પીયર એજયુકેટર મારફત દરેક શૈક્ષણિક સંસ્થામાં કરવી અને એચઆઈવી એઈડઝની રોકથામ, તે અંગેની સારવાર, કાળજી રાખવા

અંગેની બાબતો તથા ક્ષમતાવર્ધન થકી સક્ષમ વાતાવરણ બનાવવું અને આરોગ્ય અંગે હકારાત્મક વલણ ઉભુ થાય તે માટે યુવાનોને આ કલબ મારફતે સતત માગદર્શન મળતું રહે તે બાબત મુખ્ય રહી છે.

ભાવનગર જીલ્લામાં આ પ્રકારે તમામ કોલેજોમાં રેડ રીબન કલબ કાર્યરત થાય તે હેતુથી કે. કે. મેમોરીયલ ટ્રસ્ટ ઢસાએ દરેક કોલેજોના પ્રિન્સીપલ/પ્રોફેસર/લેકચરર સાથે એક એડવોકસી વર્કશોપ યોજયો હતો.

સંગીતાબેન દવેના માર્ગદર્શન હેઠળ તેમના કાર્યકરો વૈશાલીબેન તથા મોનાબેન સહિત ટ્રસ્ટના મિત્રોએ કાર્યક્રમનું સરસ આયોજન કર્યુ હતું.

કાર્યશાળામાં ડો. મુકેશસિંહ (મે. ઓ. પ્રા. આ. કેન્દ્ર, ચાંવડ) તથા ધીરૂભાઈ વાગડીયા અને તૃપ્તિબેન વાઘ (એસ. એસ. કે. કે અમરેલી) એ વિષય નિષ્ણાત તરીકે સેવા આપી હતી.

આ કાર્યશાળામાં કોલેજ કક્ષાએ કરવાની પ્રવૃતિઓ તથા પીયર એજયુકેટર્સ તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

**માણસની સાચી કસોટી દુઃખમાં થાય છે.**

# યુવાન મિત્રોને દર્દભરી અપીલ

ભલે મોત આવી જતુ હોય અને આ જગતમાંથી વિદાય થઈ જવુ પડતુ હોય

| | |
|---|---|
| **હું ગુટખાતો બંધ નહીં જ કરૂ<br>સિગારેટ પીવાથી તો પાછો નહીં જ ફરૂ<br>દારૂ તો નહીં જ છોડુ...** | **આવી મર્દાનગી ભરી ?<br>ગુલબાંગ ફેકનાર વ્યસની યુવકને મારે<br>એટલુ જ કહેવું છે કે...** |

દોસ્ત... તારા શરીર પર માત્ર તારા એકલાનો જ અધિકાર નથી તારા પરિવારનો, સમાજનો, દેશનો તેમજ સમસ્ત જગતનો પણ અધિકાર છે એમ તુ જીવન અકાળે સમાપ્ત કરી બેસે તો તારા વૃધ્ધ માતા-પિતા, યુવાન પત્ની તેમજ તારા નિર્દોષ બાળકોનું શું થાય?

તને એટલું જ કહેવું છે કે... તારી ખાતર નહિં તો છેવટે તારા આ પ્રેમાળ પરિવાર ખાતર પણ તુ તારા આ શરીરને બચાવીને અને એ માટે તારા જીવનને વ્યસન મુકત બનાવીને...જ રહે

સંકલનઃ ડૉ. એ.જે. ડબાવાલા

Printed, published and edited by Hardik Dhirajlal Vagadia on behalf of Educational & Social Welfare Centre, Published from Tapak Karyalay, 26-Omnagar-3, Hanumanpara Road, Amreli and printed at Geeta Graphics, F-1 Sahjanand market, Station road, Amreli.

**Post Reg. No. L2/41/G-AMI-91/2008**
**Valid Upto 31/12/2011**

**RNI No. GUJGUJ/1999/01521**
**Date Of Issue 1st of month**

**Book -Post, Printed Matter**

SskK

ટપક કાર્યાલય :
શિક્ષણ અને સમાજ કલ્યાણ કેન્દ્ર,
૨૬,ઓમનગર(૩), હનુમાનપરા રોડ,
ગોકુલ પાર્ક સામે, અમરેલી-૩૬૫ ૬૦૧.
Tel/Fax : 02792-223525
E-mail : tapak@sskkamreli.org website: www.sskkamreli.org

***સંયમ જ સાચો પુરૂષાર્થ છે.***